# દેવની પ્રેમાળ કૃપા

**પ્રાર્થના :** આકાશમાના અમારા બાપ, આ વાર્તા દ્વારા બાળકો તમારી પ્રેમાળ કૃપા જાણે અને તે માટે તમારી સ્તુતિ કરે તેવું થવા દો.

બાળકોને સુસંગત અને સ્થાનિક રસમો અનુસાર પ્રવૃત્તિઓ પસંદ કરો.

**૧. ઉડાઉ દીકરાની વાર્તા કહો અથવા વાંચો લુ. ૧૫:૧૧-૩૨ શક્ય હોય તો એક મોટો છોકરો બીજા છોકરાઓને આ વાર્તા કહે.**



આ વાર્તા કહેતા પહેલાં સમજાવો કે તેનો હેતું એ બતાવવાનો છે કે એક જુવાન છોકરાને તેના બાપે માફી આપી ત્યારે તે કેવી રીતે અચરતી પામ્યો વાર્તા પૂરી થયે આ પ્રશ્નો પૂછો -

- તે છોકરાએ તેના પિતાને શું આપવાનું કહ્યું ?
- તેણે પોતાને મળેલી પૂંજી વડે શું કર્યું ?
- જ્યારે તેનું બધું ધન વપરાઈ અને ઊડી ગયું ત્યારે તેને શું થયું ?
- તે દીકરાને તેના પિતાને શું કહેવાની ઈચ્છા થઈ ?
- પિતાએ તે દીકરાસાથે કેવો વ્યવહાર કર્યો ? તેના મોટાભાઈને તેના વિષે કેવી લાગણી થઈ ?



- પિતાએ મોટા દીકરાને કઈ રીતે સમજાવ્યો ?
- ઉડાઉ દીકરો જે ભૂંડો ચારતો હતો તેનું ચિત્ર દોરો.
- મોટા બાળકો નાના બાળકોની ચિત્રકામમાં સહાય કરે.

- મોટાઓને સમજાવો - ભૂંડ એ દર્શાવે છે કે આપણે દેવથી ભલે ગમે તેટલા દૂર ચાલ્યા ગયા હોઈએ પણ તે દેવની કૃપા આપણા સુધી પહોંચે છે. આપણે ગમે તેવું ખરાબ પાપ કર્યું હોય પણ જ્યારે આપણે તે છોડી દઈએ, પ્રભુની પાસે આવીને માફી માંગીએ તો તે આપણને ક્ષમા કરે છે.

**૨. ઉડાઉ દીકરાનું નાટક તૈયાર કરીને સભામાં રજુ કરો.**

- સભાના આગેવાન પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો.
- જ્યારે વર્ણન કરનાર વાર્તાનો ભાગ વાંચે ત્યારે ભાગ લેનાર પોતપોતાના સંવાદો બોલે અને પાત્ર ભજવે.
- બાળકોને આ વાર્તા સંબંધી પ્રશ્નો તૈયાર કરવાનું કહો કે જે તેઓ નાટક પૂરું થયે સભામાં પૂછે.
- બધા પાત્રોને સંવાદો અને એકટીંગ બરાબર આવડી જાય ત્યાં સુધી નાટકની પૂર્વ તૈયારી કરો.

**વર્ણન કરનાર** વાર્તાનો બિનસંવાદિત ભાગ વાંચે. ત્યાર પછી તે થોભે અને સંવાદો બોલનાર પોતપોતાના પાત્રો ભજવે.

**ઉડાઉ દીકરો** નાના દીકરા તરીકે બોલે. તે અભિનય એવો રાખે કે સાંભળનાર બરાબર સમજી શકે.

**પિતા** પિતાનો અભિનય કરે. તે જ રીતે મોટોભાઈ બનનાર પણ પોતાનું પાત્ર ભજવે.

**નોકરો** પોતાના સંવાદો અને અભિનય કરે જેમાં પુષ્ટ વાછરડો પકડવો અને તેને કાપવો તે બાબતો પણ આવી જાય છે.

**વાછરડો** જો તમારે વધુ રસપ્રદ બનાવવું હોય તો બે છોકરાઓને વાછરડો બનાવો તેઓ વાંકા વળી જાય અને તેમના પર ધાબળો નાખવો.

**મોટો દીકરો** મોટા દીકરા પ્રમાણે બોલે અને તેનું પાત્ર ઓળખાય તેમ અભિનય કરે.

**ખરાબ મિત્રો** જો બાળકો પૂરતા હોય તો કેટલાક બાળકો ખરાબ મિત્રોના પાત્ર ભજવે. તેઓ ઉડાઉ દીકરાને ધન વેડફી નાખવામાં સહાય કરે.



૩. ગીત (ગી.શા. ૧૦૩ કલમ ૨,૩,૪ અને ૧૧)

- બે બાળકો બે ભાગ કહે
- તેઓ આ ગીત મોટાઓ સમક્ષ રજુ કરે.

**ભાગ -૧**

હે મારા આત્મા યહોવાહને સ્તુત્ય માન
અને તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.
તે તારા સર્વ પાપ માફ કરે છે
અને તારા સર્વ રોગ મટાડે છે.

**ભાગ ૨**

તે તારા જીવને ખાડામાંથી કાઢીને છોડાવે છે
અને તને પ્રેમ અને દયાનો મુગટ પહેરાવે છે
જેમ બાપ પોતાના છોકરાં પર દયાળુ છે
તેમ દેવ જેઓ તેની બીક રાખે છે તેઓ પ્રત્યે દયાળુ છે.

૪. **મુખપાઠ કલમ** : એફેસી ૨ : ૮ - ૯

૫. **પ્રાર્થના :**

"પ્રભુ અમારું જીવન પાપથી ભરેલું છે અને તમારા વગર અમે ખોવાયેલા છીએ.

અમે જે ભૂંડું કર્યું છે તે માફ કરવાને માટે અમે તમારો આભાર માનીએ છીએ.

જ્યારે અમે તમારી પાસે આવ્યા ત્યારે તમે અમારો અંગીકાર કર્યો માટે અમે તમારો આભાર માનીએ છીએ.

તમારી પાસે પાછા ફરવામાં તમે પ્રસન્ન છો માટે અમે આનંદ કરીએ છીએ.

જ્યારે ખોવાયેલા લોકો તમારી પાસે પાછા ફરે છે ત્યારે આનંદ કરવામાં આમારી મદદ કરો.

પ્રભુ ઈસુના મૂલ્યવાન નામમાં અમે માંગીએ છીએ. " આમીન.

Copyright © 2004 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from www.Paul-Timothy.net.